**કલમ–૪(૧)(બી)(૪) :– પોતાના કાર્યો બજાવવા માટે પોતે નકકી કરેલા ધોરણો :–**

<u>મેયર્સફંડની કામગીરી</u> :–

સુરત શહેર ની હદ વિસ્તારમાં રહેતા શહેરના નબળા વર્ગના શહેરીજનોને દર્દી ધ્વારા તેઓને થયેલ સારવારના ખર્ચ બદલ સહાય મેળવવા કરવામાં આવતી અરજીઓ બાબતે તા.૧૪/૧૦/૧૯૯૮ ની માસિક સાધારણ સભાના ઠરાવ નં. ૩૫૮/૯૮ થી મેયરનિધિ સમિતિના નિયમો તથા ઉદ્દેશો અંગેના નિયમ અંગેના નિયમ નં.૯ ધ્યાને લઈ લીધેલ નિર્ણયો મુજબ પસાર થયેલ ઠરાવો ને ધ્યાનમાં લઈ કામગીરી કરવામાં આવે છે તેમજ અરજદારે દર્દી ની સારવાર અંગેના બીલો દર્દીએ સારવાર મેળવ્યા બાદ ડીસ્ચાર્જ થયેલ તારીખથી એક વર્ષની અંદર રજુ કરેલ બીલો જ સહાય મેળવવા લાયક ગણવાનું રહેશે ત્યારબાદ આવેલ અરજીઓ પરિપત્ર/ ઠરાવ નં.૨૭૨/૦૯ તા.૨૫–૯–૨૦૦૯મુજબ દફતરે કરવામાં આવે છે.

<u>રીએમ્બર્સમેન્ટની કામગીરી</u> :–

સામાન્ય સભા ઠરાવ નં.૩૮/૨૦૦૨ તા.૨૫/૦૨/૨૦૦૨ તેમજ તેમાં વખતો વખત કરવામાં આવેલ સુધારા મુજબ તથા રાજય સરકારશ્રી તરફથી કરવામાં આવેલ ઠરાવને આધિન જનરલ બોર્ડના ઠરાવ મુજબ કાર્યવાહી કરવામાં આવે છે.

આરોગ્ય ખાતાનાં બીલોની ચકાસણી કરી મુખ્ય હિસાબી ખાતામાં મોકલવાની કામગીરી.